ISSN :2395 - 6437

An International Peer Reviewed & Referred Journal

Journal of YTIF

Published by WaymakerCheritable Trust

ભારતમાં ગૌરક્ષણ: સાંસ્કૃતિક મહત્વ,કાનૂની જોગવાઈઓ અને અમલ

નીતા પંડ્યા (નારિયા) & અનિતા જાદવ

Abstract:

ગાય રુદ્રો કે જે વિશ્વના રક્ષકો છે તેમની માતા છે , વસુઓ કે જે પ્રકૃતિના સમૃદ્ધિના દાતા છે તેમની પુત્રી અને આદિત્ય કે જે પ્રકાશના દેવતાઓછે તેમની બહેન છે. ગાયને અમૃતકે જે જીવન અને અમૃતત્વના સ્ત્રોત છે તેમનો નાભિ છે. ઋગ વેદમાં જ્ઞાની લોકો માટે જણાવેલ છે કે નિર્દોષ ગાયનું હનન ન થવું જોઈએ.

ઋગ વેદ સંહિતા – ૮. ૧૦૧. ૧૫

હિંદુધર્મ મુજબ ગાયને માતા ગણવામાં આવે છે. સાથેજ ગાયએ પ્રકૃતિ અને દેવત્વનું પ્રતિક છે અને તેના પ્રત્યે માનવીય કરુણા અને સંરક્ષણ જરૂરી છે. આપણા દેશમાં ગૌરક્ષણ એ ફક્ત નીતિપ્રધાન મુદ્દો નથી, સાથે સાથે દેશની સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓ સાથે પણ આ બાબત ઊંડા સંબંધ ધરાવે છે. આ સંશોધનલેખમાં ભારતમાં પશુરક્ષા અને તેમાં પણ ગૌરક્ષણ માટે કાનૂની જોગવાઈઓ, જેમ કે પશુરક્ષા માટે અત્યાચાર નિવારણ કાયદા અને વિવિધ રાજ્યમાના ગૌરક્ષણ માટેના કાયદાઓ, જે ગાયને સુરક્ષા પ્રદાન કરે છે, તે અંગે વિશ્લેષણ કરીશું.

તદુપરાંત, કાનૂની વ્યવસ્થાઓની અમલની પ્રક્રિયા બાબતના અભ્યાસ તથા સામાજિક અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી ગાયના મહત્ત્વને સમજવાનો પ્રયાસ કરીશું. સંશોધનની વિગતો સાથે, કાનૂન અને સંસ્કૃતિ કેવી રીતે પરસ્પર સંબંધ ધરાવે છે અને ભારત સમાજમાં ગૌરક્ષણ શા માટે જરૂરી છે તે બાબતે તારણ આપવાનો છે.

આ સંશોધન ભારતના નાગરિકોને, કાયદા સાથે સંકળાયેલ વ્યક્તિઓ તથા સમાજ માટે માર્ગદર્શક બની રહેશે. જે ગાય અને પશુના હકની જાગૃતિ અને સંરક્ષણમાં આગળ વધવા માટે ઉપ યોગી નીવડશે.

ચાવીરૂપ શબ્દો: ગૌરક્ષણ, ભારતીય સંસ્કૃતિ અને ગાયોનું મહત્વ

Author/S Note

નીતા પંડ્યા (Nariya),
વિઝિટિંગ ફેકલ્ટી , ફેકલ્ટી ઓફ લૉ ,
વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ,સુરત .
અનિતા જાદવ ,
Guide – ડો વિમલ પંડ્યા ,
પીએચ. ડી. સ્ટુડન્ટ (વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી),
અધ્યાપક સહાયક (વી. ટી. ઓક્સી સાર્વજનિક લૉ કોલેજ), સુરત

Journal of YTIF
An International Peer Reviewed & Referred Journal
ISSN :2395 - 6437

ભારતમાં ગૌરક્ષણ: સાંસ્કૃતિક મહત્વ,કાનૂની જોગવાઈઓ અને અમલ

નીતા પંડ્યા (નારિયા) & અનિતા જાદવ

પરિચય:

આજની ૨૧મી સદી અને જ્યાં હાલમાં પણ દેવતા પુજન વિના કોઈપણ કાર્યની શરૂઆત ન કરવામાં આવે તેવો આપણો હિંદુધર્મ. સાથેજ ભારતીય સંસ્કૃતિને અનુસરનારો આપણો દેશ છે કે જ્યાં પશુપાલન અને કૃષિ પરંપરાગત રીતે જીવન આધારિત છે. હિંદુ સંસ્કૃતિમાં ગાયને આપવામાં આવતા મહત્વ પાછળ ઘણો લાંબો ઈતિહાસ છે કે જેનો ઉલ્લેખ વેદિક યુગ સુધી જઇ પહોંચે છે.

એમાં કોઇ શંકાને સ્થાન નથી કે ગૌમાતા કે જે આર્યોવંશમાં વિશેષ સ્થાન મેળવી ચુકી હતી કે જે આજ સુધી યથાવત જોવા મળે છે. યજ્ઞો હોય કે લગ્ન કે અમુક ચોક્કસ પ્રસંગો કે જ્યાં પંડિતોને ગાય દાનમાં આપવામાં આવતી હતી અને દેવીઓના વખાણમાં ગાયની સરખામણી કરવામાં આવતી. ગાયના ઉત્પાદનોને કારણે વિવિધ પ્રાચીન હિંદુ યજ્ઞોમાં તેનું કેન્દ્રીય સ્થાન હતું, જેના કારણે તે માતૃત્વનું સૌથી સામાન્ય વેદિક પ્રતીક બની ગઈ હતી.

આમ, ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી પણ ગૌમાતા ખાસ મહત્વ ધરાવે છે કે જેને શાંતિ, સમૃદ્ધિ અને પોષણના પ્રતીક તરીકે પણ ગણવામાં આવે છે, અને જેને રક્ષણ આપવું એ ખુબજ અગત્યનું છે જે અંગે અનેક કાનૂની જોગવાઈઓ રચાયેલ છે જે ફક્ત ગૌમાતાને જ નહિ દરેક પશુઓને પણ એટલુજ રક્ષણ પુરૂ પાડે છે.

ભારતમાં ગાયના રક્ષણ માટે ઘણી કાનૂની જોગવાઈઓ છે, જેમ કે પશુકક્ષામાં અત્યાચાર નિવારણ અધિનિયમ જે પશુઓના હકની રક્ષા કરે છે. વિવિધ રાજ્યોએ ગાયના વધ અને શિકાર રોકવા માટેના કાયદાઓ અમલમાં મૂક્યા છે, જે સમાજના વિવિધ ધોરણોને દર્શાવે છે. આ કાનૂની મર્યાદાઓની અસરકારક અમલ સુનિશ્ચિત કરવાનો મુખ્ય પ્રશ્ન છે, જેમાં સામાજિક દ્રષ્ટિકોણો અને નીતિઓનું મહત્વ છે.

ગૌમાતાનું મહત્વ:

ભગવાન શ્રીકૃષ્ણ કે જેમણે શ્રીમદ ભગવદગીતામાં સર્વ પ્રાણીઓના અધિપતિ અને તમામ ગોપોના પ્રિય અને ગાયોના રક્ષક તરીકે ગણવામાં આવેલ છે. જ્યાં સ્વયં ઈશ્વર જેને મહત્વ આપતા હોય ત્યાં માનવીની તો શી વિસાદ?

મનુસ્મૃતિ અને અર્થશાસ્ત્ર જેવા મહાકાવ્યમાં પણ ગાયમાતા પ્રત્યે હિંસા કરવી પ્રતિબંધિત છે.

उपपातकसंयुक्तो गोघ्नो मासं यवान् पिबेत् ।
कृतवापो वसेद् गोष्ठे चर्मणा तेन संवृतः ॥

મનુસ્મૃતિ જેવા મહાગ્રંથમાં ગૌહત્યાને એક ગુના તરીકે દર્શાવવામાં આવેલ છે.જો તેથી વિરૂદ્ધ કરવામાં આવશે તો તે વ્યક્તિને નાના ગુના માટે દોષિત ઠેરવવામાં આવશે અને તે ત્રણ મહિના સુધી જવારનો ઉપવાસ રાખશે; અને પોતાનું મુંડન કરાવી ગાયના વાડામાં રહેશે.

મનુસ્મૃતિ ૧૧.૧૦૮

તમામ જીવંત પ્રાણીઓ કે જેમાં ગાયનો પણ સમાવેશ થાય છે જેઓ પણ આત્મા ધરાવે છે તેઓને પણ રક્ષણ પુરૂ પાડવું જરૂરી છે. ખાસ કરીને હિંદુ ધર્મમાં, ગાયને પવિત્ર માનવામાં આવે છે અને તેને "માતા" તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તે દૂધ આપે છે.

રામાયણ અને મહાભારત બંને મહાગ્રંથોમાં ઋષિ વશિષ્ઠની ગાય કામધેનુની દૈવી ગુણવત્તાઓ વર્ણવવામાં આવી છે. મહાભારતમાં એક અન્ય ગાય, નંદીની ઉલ્લેખિત છે, જેનું દૂધ લોકોને અમર બનાવે છે. ગાયની પવિત્રતાનું સિદ્ધાંત પુરાણોમાં પણ સારી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.

સંશોધન સમસ્યા:

આ સંશોધનપત્રના વિષય સાથે જોડાયેલ મુખ્ય સમસ્યાઓ નીચે મુજબની છે.

આપણા દેશમાં કેટલાક રાજ્યોમાં ગૌરક્ષણ માટે કેટ્લાક કાયદાઓ છે પરંતુ તે કેટલે અંશે અમલમાં છે અને તેના અમલ માટે કેટલાક અવરોધો છે. કાનૂની જોગવાઈઓ અને ધાર્મિક ભાવનાઓ ગૌરક્ષણ કાયદાઓ ભારતમાં ગાય સાથે જોડાયેલી ધાર્મિક ભાવનાઓને કેવી રીતે સંબોધે છે, અને વિવિધ ધાર્મિક પ્રથાઓ તેમાં જોડાયેલ છે શુ તે બાબતનું પાલન કરવામાં કોઇ અવરોધો છે કે કેમ...

અભ્યાસનો ઉદ્દેશ:

આ અભ્યાસ પાછળના કેટ્લાક મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

- ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાને અપાતું ધાર્મિક અને સાંસકૃતિક મહત્વનો અભ્યાસ કરવો.
- ગૌરક્ષણ માટેના ઐતિહાસિક અને વૈદિક પરંપરા બાબતે વિશ્લેષણ કરવું.
- ભારતમાં ગાય અને અન્ય પશુઓના રક્ષણ માટે બનાવવામાં આવેલ કાયદાકીય જોગવાઇઓનો અભ્યાસ કરવું.
- ગાયને માતૃત્વ, શાંતિ, સમૃદ્ધિ અને પોષણના પ્રતીક તરીકે ગણવામાં આવે છે તે દ્રષ્ટિકોણને આધારે સામાજિક અને ધાર્મિક કાનૂની ઉકેલો શોધવા.

પરિકલ્પના:

ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતા પ્રત્યેની ધાર્મિક અને સાંસ્કૃતિક શ્રદ્ધાને અનુરૂપ ગાયના રક્ષણ માટેના કાનૂની જોગવાઇઓને મજબૂત બનાવવામાં આવે તો, તે માત્ર ગૌરક્ષણ જ નહિ પરંતુ સમાજમાં શાંતિના ઉદ્દેશને વધુ સશક્ત બનાવી હિંદુ ધર્મમાં જેને માતા તરીકે માનવામાં આવેલ છે તેમની શ્રદ્ધાને પણ જાળવી રાખશે.

સંશોધન પદ્ધતિ:

સંશોધન માટે પ્રાથમિક માહિતી એકત્રિકરણ માટે, અધિકૃત અને સત્તાવાર વેબસાઇટ્સ પર ઉપલબ્ધ મૌલિક માહિતીનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેથી કરીને સંબંધિત ધાર્મિક, સાંસ્કૃતિક અને કાનૂની દસ્તાવેજોને સમજૂતીપૂર્વક વૈજ્ઞાનિક અભિગમ હેઠળ પૃથક્કરણ કરી શકાય.

હિંદુઓના પવિત્ર ગ્રંથો અને ગાયનો ઉલ્લેખ:

આપણા ધર્મમાં પવિત્ર ગ્રંથોમાં તો ગાયનો ઉલ્લેખ છે જ સાથે સાથે આર્યુવેદ પણ ગાયમાથી ઉત્પાદિત થતી દૂધ, ઘી, દહીં, ગોબર અને ગૌમૂત્રની પ્રશંસા કરે છે જે ઔષધિય લાભ પ્રદાન કરે છે.

સમુદ્રમંથન અને કામધેનુ:

કામધેનુ કે જે ગૌમાતાની પુજાનુ હિંદુ ધર્મમાં ખુબજ મહત્વ આપવામાં આવે છે. જેનો જન્મ સમુદ્ર મંથન દરમિયાન થયો હતો કે જેને પવિત્રતા અને સમૃદ્ધિનું પ્રતિક માનવામાં આવે છે.તેણે તમામ ઈચ્છાઓને પૂર્ણ કરવાની શક્તિ ધરાવતી ગૌમાતા તરીકે માનવામા આવે છે. જેથી તેને ઋષિઓને સન્માનરૂપે આપવાનો નક્કી કર્યો, જે તેમના ભક્તિ અને નિ:સ્વાર્થી સેવા માટે દૈવી પ્રતિક તરીકે માનવામાં આવે છે.

વિવિધ પુરાણોમાં મહત્વ:

સ્કંદપુરાણ અને પદ્મપુરાણ જેવા બન્ને પુરાણ અનુસાર, એ તમામ ગાયોનું માતૃ સ્વરૂપ માનવામાં આવે છે. જેનો ઉલ્લેખ ભારતીય પૌરાણિક કથાઓમાં પુનરાવર્તિત થાય છે, જ્યાં ગાયોનું મહત્વ અને તેમના પવિત્રતાનું સ્થાન સચવાય છે. આ પુરાણોમાં, સુરભિ ગાયોના માતા તરીકે ઓળખવામાં આવે છે, જે સંસ્કૃતિમાં એ તત્વોને દર્શાવે છે જે જીવનની સંભાળ અને પ્રોટેક્શન કરે છે.

ભારતીય બંધારણીય જોગવાઇ:

ભારતનો સર્વોચ્ચ કાયદો જો માનવામાં આવેતો તે ભારતીય બંધારણીય કાયદો છે જેમાં આપવામાં આવેલ કેટલીક મહત્વપૂર્ણ જોગવાઇઓ પ્રાણીઓની સુરક્ષા માટે છે, જે દેશની પ્રાણીઓના અધિકારો અને કલ્યાણ માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

મૂળભૂત ફરજ:

બંધારણના અનુચ્છેદ – ૫૧(અ)(જી) મુજબ, દરેક નાગરિકની ફરજ છે કે તે કુદરતી વાતાવરણને, જેમાં જંગલ, તળાવો, નદીઓ અને વન્યજીવોનો સમાવેશ થાય છે, સુરક્ષિત અને સુધારવા માટે પ્રયત્ન કરે અને જીવિત પ્રાણીઓ માટે કરુણા રાખે. આ પ્રાણીઓના સંરક્ષણ માટે નૈતિક અને નૈતિક આધારો સ્થાપિત કરે છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો:

બંધારણના અનુચ્છેદ – ૪૮ મુજબ,

બંધારણના ૪૮ અનુચ્છેદ અનુસાર, રાજ્યને ગાય અને વાછરડા અને અન્ય દૂધ આપી અને ખેતરમાં ઉપયોગી પશુઓના સંરક્ષણ અને સુધારણા માટે પગલાં લેવા જોઈએ તે બાબતનો ઉલ્લેખ કરે છે, ખાસ કરીને કૃષિ અને જીવનસંબંધી પ્રાણીઓની સુરક્ષા માટે રાજ્યની જવાબદારી દર્શાવે છે.

કાનૂની જોગવાઈઓ:

ભારતમાં ગૌરક્ષણ માટે કાનૂની જોગવાઈઓ હિંદુ સંસ્કૃતિમાં ગાયને અપાયેલા પવિત્ર સ્થાનને ધ્યાનમાં રાખીને રચવામાં આવી છે. વિવિધ રાજ્યોમાં ગાયના રક્ષણ માટે વિશિષ્ટ કાયદા બનાવવામાં આવ્યા છે. અહીં ગાયના રક્ષણ માટેની કેટલીક મુખ્ય કાનૂની જોગવાઈઓનું વર્ણન આપવામાં આવ્યું છે:

પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦ : આ અધિનિયમનો ઉદ્દેશ એ પશુઓ પરની ક્રૂરતા અટકાવવા અને તેમનો યોગ્ય સંભાળ રાખવા માટેનો છે જે અંતર્ગત કોઈપણ પશુઓ સાથે હિંસા કે અસહજ વર્તન સામે કાર્યવાહી કરવામાં આવે છે. કલમ ૧૧ હેઠળ પશુઓ પર થતી ક્રુરતામાં કઈ બાબતોને સમાવી શકાય તેનો અર્થ સમજાવવામા આવેલ છે.

જે અનુસાર પશુઓ પ્રત્યે ક્રુરતામાં નીચેની તમામ બાબતોનો સમાવેશ થાય છે.

- હિંસા: કોઈ પ્રાણીને મારવા, લાત મારવા, વધારે કામ કરાવવું, અથવા તેને પીડા આપવાની ક્રિયાઓનું વર્ણન.
- અયોગ્ય વપરાશ: બીમારી અથવા ઘાવ ધરાવતી પ્રાણીઓને કામ કરવા માટે મૂકવું.
- નુકસાનકારક દવાઓ: જાણે જ અને અયોગ્ય રીતે પ્રાણીઓને નુકશાન પહોંચાડતી દવાઓ નો ઉપયોગ કરવો.
- પરિવહનમાં દુખ: પ્રાણીઓને અત્યંત પીડા અથવા દુખ આપતા રીતે પરિવહન કરવું.
- અયોગ્ય બંધન: પ્રાણીઓને અયોગ્ય સમય માટે બંધનમાં રાખવું.
- ખોરાક અને આશ્રયની કમી: પુરતો ખોરાક, પાણી, અને આશ્રય ન આપવું.
- પ્રાણીઓને તરછોડ્વું : કોઈ કારણ વગર પ્રાણીને તરછોડ્વું.

આ અધિનિયમની કલમ ૧૨ ખુબજ અગત્યતા ધરાવે છે. જેમાં પશુઓ પ્રત્યે કરવામાં આવતી ક્રુરતા માટે ચોક્કસ સજાની જોગવાઇ છે. જે નીચે મુજબ છે.

ફૂક (P h o o k a) અથવા દુમ દેવ (d o o m d e v) નો ઉપયોગ કરવા માટે દંડ. — જો કોઈ વ્યક્તિ કોઈ ગાય અથવા અન્ય દૂધ આપતી પ્રાણી પર "ફૂક" અથવા "દૂમ દેવ" તરીકે ઓળખાતી પ્રવૃત્તિ કરે છે અથવા કોઈ સામગ્રીના ઇન્જેક્શન સહિતના કોઈપણ પ્રક્રિયા (જે દૂધની વિકારને સુધારવા માટે છે અને જે પ્રાણીના સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે) કરવાની મંજૂરી આપે છે, તો તે વ્યક્તિને એક હજાર રૂપિયાની દંડ અથવા બે વર્ષની જેલની સજાની આપવાની સાથે જ દંડિત કરવામાં આવી શકે છે, અથવા બંને. તેમજ જે પ્રાણીએ આ પ્રક્રિયા સહન કરી તે પ્રાણી સરકારને જપ્ત કરવામાં આવશે.

ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩, ની કલમ ૩૨૫ પ્રાણીઓની સાથે દુષ્કર્મના ગુનાને સંબોધે છે. આ કલમ મુજબ, કોઈ વ્યક્તિ જો પ્રાણીને મારી નાખે, ઝેરી કરે, નુકશાન પહોંચાડે, અથવા તેનો ઉપયોગ કરવામાં અયોગ્ય બનાવે છે, તો તેને દંડનો સામનો કરવો પડે છે. આ દંડમાં પાંચ વર્ષ

સુધીની જેલ, દંડ, અથવા બંનેનો સમાવેશ થાય છે. આ કલમ પ્રાણીઓના હિતો અને ભલાઈ માટે કાનૂની જોગવાઇઓ પ્રદાન કરે છે, જે ભારતમાં પ્રાણીઓના કલ્યાણ માટેની સમજણ અને જાગૃતિને દર્શાવે છે.

ગૌરક્ષણ માટે ભારતના વિવિધ રાજ્યોના કાયદાઓ:

કેટલાક રાજ્યોમાં ગાયના વધ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ગુજરાત એનિમલ પ્રિવેનશન અધિનિયમ, ૧૯૫૪

આ કાયદો ગુજરાતમાં લાગુ પાડવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ છે પ્રાણીઓના કલ્યાણની સુરક્ષા અને પ્રમોશન કરવા અંગેનો છે. જે અંતર્ગત પ્રાણીઓની દુર્બલતાને અટકાવવા માટેની વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે, જેમાં તેઓને બેદરકારીથી કે દુષ્કર્મથી બચાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

તદુપરાંત આ અધિનિયમ હેઠળ પ્રાણીઓની સંરક્ષણ, સંભાળ, અને ચિકિત્સા અંગેના નિયમોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે પ્રાણીઓના સ્વાસ્થ્ય અને ભલાઈ માટે મહત્વપૂર્ણ છે.પ્રાણીઓના માનવિય વર્તન અને પ્રશિક્ષણમાં સુધારો લાવવા માટેના પગલાં પણ લેવામાં આવે છે તે બાબતનો પણ આ કાયદામાં ઉલ્લેખ કરાયેલ છે.

ઉત્તરપ્રદેશ ગૌહત્યા પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૫

ઉત્તરપ્રદેશમાં ગૌરક્ષણ માટે આ અધિનિયમ છે. જેમાં ગૌહત્યા સાથે જોડાયેલ પ્રવૃત્તિઓ પર કડક સજાની જોગવાઈ કરવામાં આવી. આ કાયદા દ્વારા ગૌવંશનું સુરક્ષણ અને તેમની સાથે માનવતાપૂર્વક વર્તન સુનિશ્ચિત કરાયું.

મધ્યપ્રદેશ ગૌવંશ વધ પ્રતિષેધ અધિનિયમ, ૨૦૦૪

૨૦૦૪ માં મધ્યપ્રદેશે ગૌવંશ રક્ષણ આ અધિનિયમ મધ્યપ્રદેશમાં પસાર કરવામાં આવ્યો. આ કાયદાનો ઉદ્દેશ ગૌવંશને રક્ષણ અને ગાયને પોષણના સ્ત્રોત તરીકે જાળવવાનો છે.

ન્યાયિક અભિગમ:

ન્યાયતંત્રએ ભારતીય બંધારણમાનું એક મુખ્ય પાયો છે જેના દ્વારા પણ ગૌરક્ષણ માટે કેટલાક અગત્યના નીચે મુજબના કેટલાક ચુકાદાઓ આપવામાં આવેલ છે.

- ૧૯૫૮માં આપવામાં સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો મોહમ્મદ. હનીફ કુરેશી અને અન્ય વિ. બિહાર રાજ્ય
- ૨૦૦૫ માં આપવામાં સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો ગુજરાત રાજ્ય વિ. મિર્ઝાપુર મોતી કુરેશી કસાબ જમાત
- ૨૦૧૪ માં આપવામાં સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદો એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા વિરુદ્ધ એ. નાગરાજા અને અન્ય

ઉપરોક્ત મુખ્ય ચુકાદાઓ સિવાય કેટલાક રાજ્યની હાઇકોર્ટ દ્વારા પણ ગૌરક્ષણને પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

સૂચનો:

ઉપરોક્ત વિષય પર વિશ્લેષણ કર્યા બાદ વિષયાનુસંધાને કેટલાક સૂચનો નીચે મુજબ છે:

- ✓ ગૌરક્ષણ કાયદાઓ માટે સમાજમાં જાગૃતિ ફેલાવવી.
- ✓ ગૌરક્ષણના સાંસ્કૃતિક, કાનૂની અને સામાજિક મહત્વને લક્ષ્યમાં રાખી, ગૌરક્ષણની જરૂરિયાત અને તેનો ભારતની સંસ્કૃતિમાં ફેલાવો કરવો.
- ✓ ગૌરક્ષણને બળ આપવા માટે નવી નીતિઓ અને કાર્યક્રમો યોજવા.
- ✓ ગૌરક્ષણના કાયદાનું અમલ કરતી વખતે આવતી મુશ્કેલીઓ દુર કરવા પ્રયત્ન કરવા.

નિષ્કર્ષ:

આપણા દેશમાં ફક્ત ગૌરક્ષણ નહિ પરંતુ તમામ પ્રાણીઓની સામે ક્રુરતા પ્રતિબંધિત મજબૂત કાયદાઓ બનાવવામાં આવ્યા છે, અને તેમાંપણ ગૌરક્ષણના અમલીકરણ માટે ચેકપોસ્ટ, ગૌશાળાઓની સુવિધા, અને અહેવાલી પ્રણાલી સહિતના ઉપાયો અજમાવવામાં આવ્યા છે. આ રીતે, ગૌરક્ષણ માટેની કાનૂની જોગવાઈઓનો ઉદ્દેશ માત્ર ગાયનું જ રક્ષણ નથી, પરંતુ આ કાયદાઓના અમલ માટે નીતિઓ અને સામાજિક જાગૃતિને પ્રોત્સાહિત કરવાનું પણ છે.